# Media Release

Reliance

<u>અખબારી યાદી:</u>

## શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદના કુલપતિ પદે
## પરિમલ નથવાણીની નિમણુંક

**સપ્ટેમ્બર ૨૮, ૨૦૧૧:** રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ તથા રાજ્ય સભા સાંસદ શ્રી પરિમલ નથવાણીની શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદના માનદ કુલપતિ પદે નિયુક્તિ કરવામાં આવી છે.

શ્રી નથવાણી, કે જે પોતે મેનેજમેન્ટમાં પ્રોફેશનલ ડૉક્ટરેટની પદવી ધરાવે છે, તેમણે આ ૬૫ વર્ષ જુની શૈક્ષણિક સંસ્થામાં કુલપતિનો હોદ્દો સ્વીકાર્યો છે. શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ ગુજરાતના વિદ્યાર્થીઓમાં સંસ્કૃત, કર્મકાંડ અને જ્યોતિષ વિજ્ઞાનના શિક્ષણના પ્રસારમાં કાર્યરત છે. આ નિમણુંકથી શ્રી નથવાણી આ પહેલાં આ જ હોદ્દો ધરાવતા તેજસ્વી પ્રતિભા સંપન્ન ન્યાયમૂર્તિ શ્રી એન.જી. શેલત, ન્યાયમૂર્તિ શ્રી ડી.એ.દેસાઈ અને ન્યાયમૂર્તિ શ્રી એસ.ડી. દવેની હરોળમાં સ્થાન પામ્યા છે. શ્રી નથવાણી પરિષદના પ્રમુખ અને નિવૃત ન્યાયમૂર્તિ શ્રી એમ. એસ. પરીખના વડપણ હેઠળની વ્યવસ્થાપક સમિતિ દ્વારા સર્વાનુમતે પસંદગી પામ્યા છે.

પરિષદ દ્વારા દર વર્ષે સંસ્કૃત પ્રારંભ, પ્રવેશ, પ્રથમા, મધ્યમા, ભૂષણ, વિશારદ ઉપરાંત કર્મકાંડ અને જ્યોતિષની પરીક્ષાઓ લેવામાં આવે છે. આ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર તમામ પરીક્ષાર્થીઓને પરિષદ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

શ્રી પરિમલ નથવાણી રિલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટના ચેરમેન, ધીરૂભાઈ અંબાણી ફાઉન્ડેશનના માનદ ટ્રસ્ટી, સંસદની જાહેર ફરિયાદ, કાયદો અને ન્યાય વિભાગની ખડી સમિતિના સભ્ય, વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયની સલાહકાર સમિતિના સભ્ય, વિદેશ મંત્રાલયની સલાહકાર સમિતિના કાયમી આમંત્રિત સભ્ય, દ્વારકાધીશ દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ, નાથદ્વારા ટેમ્પલ બોર્ડના સભ્ય તેમજ ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના ઉપ પ્રમુખ સહિત અનેક હોદ્દાઓ ધરાવે છે.

★ ★ ★

**Corporate Communications**
"VRAJ", Nr. Chandanbala Tower
Opp. Suvidha Shopping Centre
Paldi, Ahmedabad – 380 007

Internet : www.ril.com

Telephone : 40094901

Telefax : (+91 79) 40094919

E-mail : nitin_r_bhatt@ril.com